શ્રી કે.આઈ પરમાર, સચિવશ્રી ગુજરાત ઠાકોર અને
કોળી વિકાસ બોર્ડની ( હવે નિગમ) પ્રતિનિયુકિતની બોલીઓ
અને શરતો

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ;
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૦૩/૭૭૮/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– 5 DEC 2003

વંચાણે લીધા :– (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની તા.૧૭/૪/૨૦૦૨ ની અધિસૂચના ક્રમાંકઃસશપ/૧૫૨૦૦૧/એમ.૮૬/અ

(૨) સચિવશ્રી,ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડનો તા.૧૪–૭–૨૦૦૩ નો પત્ર ક્રમાંકઃગુઠાકોવિબોર્ડ/૧૨૧–૨૦૦૩–૦૪

(૩) નાણા વિભાગનો તા.૨૦–૧૨–૯૩ નો ઠરાવ ક્રમાંકઃ પીટીઓન/ ૧૧૯૩/૧૦૫૦/૪

(૪) નાણા વિભાગનો તા.૨૨–૧–૨૦૦૧ નો ઠરાવ ક્રમાંકઃપતન/૧૦૨૦૦૧/ ૫૩/ચ

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨/૯/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંકઃ ડીઈપી/૧૦૮૨/ ૧૨૨૮/ગ.૨

ઠરાવ:–

આમુખમાં ક્રમાંકઃ (૧) માં દર્શાવેલ આ વિભાગની તા.૧૭–૪–૨૦૦૨ ની અધિસૂચના ક્રમાંકઃ સશપ/૧૫૨૦૦૧/ એમ.૮૬/અ થી શ્રી કે.આઈ.પરમારને ગુજરાત ઠાકોરકોળી વિકાસ બોર્ડના સચિવશ્રી તરીકે નિમણૂંક આપવામાં આવી છે. દરમ્યાન આ વિભાગના તા. ૧૩/૯/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૨૦૦૨/૯૭૧/અ થી સદરહુ બોર્ડનું નિગમમાં રૂપાંતર થતાં, બોર્ડનું મહેકમ નિગમને અનુરૂપ વિનિયમિત કરવાની કાર્યવાહી આખરી વિચારણા હેઠળ છે. આ સંજોગોમાં બોર્ડના સચિવ તરીકે ફરજ બજાવતા શ્રી કે.આઈ.પરમારની પ્રતિનિયુકિતની બોલીઓ અને શરતો નકકી કરવાનું વહીવટી રીતે જરૂરી જણાતાં, નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

(૧) તેમની પ્રતિનિયુકિતની મુદત ચાર વર્ષ અથવા સરકાર દ્વારા તેમની સેવાઓ પરત લેવામાં આવે તેટલા સમય સુધીની રહેશે.

(૨) તેઓને પ્રતિનિયુકિત પર મોકલવામાં આવ્યા ન હોત તો તેમના ખાતામાં ફરજ બજાવતાં તેઓ જે પગાર ધોરણમાં જેટલો પગાર મેળવતા હોત તે પગાર મેળવશે. ઉપર જણાવેલ પગાર ગુજરાત

રાજ્ય સેવા (પગાર) નિયમો–૨૦૦૨ ના નિયમ ૯ (૫૩) ની વ્યાખ્યા મુજબનો પગાર ગણાશે.

(૩) તેમની પ્રતિનિયુક્તિ દરમ્યાન મૂળ ખાતામાં બઢતી મળે તો તેમને ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો ૨૦૦૨ ના નિયમ–૧૧ (૨) અનુસાર પગાર નિયત કરવાની છૂટ રહેશે.

(૪) તેમને પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા ન હોત તો તેમના મૂળ ખાતાંમાં ફરજ બજાવતા તેમને જે અંગત પગાર મળતો હોત તે મેળવવાની તેમને છૂટ રહેશે.

(૫) પ્રતિનિયુક્તિની જગ્યાના પગાર–ધોરણ માટે વિકલ્પ આપવા તેઓ હકકદાર રહેશે નહિ.

(૬) તેમને પ્રતિનિયુક્તિ પર મોકલવામાં આવ્યા ન હોત તો તેમને જે મોંઘવારી ભથ્થું મળતું હોત તે તેમના પ્રતિનિયુક્તિના સમય દરમ્યાન મેળવવા તેઓ હકકદાર રહેશે.

(૭) તેમના વિકલ્પે રાજ્ય સરકારના નિયમો અનુસાર અથવા સેવા ઉછીની લેનાર તેમના નિયમો અનુસાર પ્રતિનિયુક્તિ ઉપર હોય તે દરમ્યાન ફરજના સ્થળે મળવાપાત્ર વળતર ભથ્થું અને ઘરભાડા ભથ્થું મેળવવા તેઓ હકકદાર રહેશે.

(૮) પ્રતિનિયુક્તિની જગ્યા ઉપર હાજર થતાં તેમજ રાજ્ય સરકારમાં પાછા ફરતાં રાજ્ય સરકારના નિયમો મુજબ અથવા સેવા ઉછીની લેનાર તંત્રના નિયમો મુજબ તેઓ બદલી પ્રવાસ ભથ્થું અને હાજર થવાના સમયના પગાર માટે હકકદાર રહેશે. આ અંગેનું ખર્ચ સેવા ઉછીની લેનાર તંત્રે ભોગવવાનું રહેશે.

(૯) પ્રતિનિયુક્તિની મુદત દરમ્યાન તેમના વિકલ્પે રાજ્ય સરકારના નિયમો અનુસાર અથવા સેવા ઉછીની લેનાર તંત્રના નિયમો અનુસાર તેઓ પ્રવાસ ભથ્થું મેળવવા હકકદાર રહેશે.

(૧૦) પ્રતિનિયુક્તિની મુદત દરમ્યાન વખતોવખત તેમને લાગુ પડતા રાજ્ય સરકારના રજા, પેન્શન અને પ્રોવીન્ડન્ટ ફંડ નિયમો દ્વારા તેમનું નિયંત્રણ થશે.

(૧૧) ગુજરાત રાજ્ય સેવા (રજા) નિયમો–૨૦૦૨ અને ગુજરાત રાજ્ય સેવા (પેન્શન) નિયમો –૨૦૦૨ ની જોગવાઈઓ અનુસાર અને એકાઉન્ટન્ટ જનરલ સાથે ચર્ચા વિચારણા કરીને રજા અને પેન્શન ફાળો સેવા ઉછીની લેનાર તંત્રે રાજ્ય સરકારને ચૂકવવાનો રહેશે.

(૧૨) તેમના વિકલ્પે રાજ્ય સરકારના નાણાં વિભાગના વખતોવખત સુધાર્યા મુજબના તા.૧૫ મી ઓકટોમ્બર, ૧૯૬૬ ના સરકારી ઠરાવ ક્રમાંકઃએમએસબી/૨૧૬૬/૪૨૯૮/જ. ની યોજના હેઠળ અથવા સેવા ઉછિની લેનાર તંત્રના નિયમો પ્રમાણે તેઓ રજા પ્રવાસ રાહતો માટે હકકદાર રહેશે. પ્રતિનિયુક્તિની મુદત દરમ્યાન આવી રાહતોની જવાબદારી સેવા ઉછીની લેનાર તંત્રે ભોગવવાની રહેશે.

(૧૩) સરકારના નિયમો મુજબ અથવા તેમના વિકલ્પે સેવા ઉછીની લેનાર તેતના નિયમો મુજબ તેઓ તબીબી સવલતો માટે હકકદાર રહેશે. આ અંગેની જવાબદારી સેવા ઉછીની લેનાર તંત્રે ભોગવવાની રહેશે.

(૧૪) પ્રતિનિયુક્તિ પર જતી સરકારી કર્મચારીઓના કિસ્સાઓમાં નાણાં વિભાગના તા.૧૯–૨–૯૮ ના ઠરાવ ક્રમાંકઃપીજીઆર–૧૦૮૭–૨૦– મ ની જોગવાઈઓ મુજબ રજાના રોકડમાં રૂપાંતરના લાભ માટે તેઓ હકકદાર રહેશે.

(૧૫) સેવા ઉછીની લેનાર તંત્ર ધ્વારા રાચ રચીલા વિનાનુ નિવાસ આપવામાં આવે તો તેઓએ સેવા ઉછીની લેનાર તંત્રને નાણાં વિભાગના તા.૩–૯–૮૭ ના ઠરાવ ક્રમાંકઃઈસીઆર/૧૦૮૭/૫૯/મ. મા નિયત કર્યા મુજબનું ફલેટ રેટ ભાડુ ચુકવવાનું રહેશે. તેમને સરકારી મકાન ફાળવવામાં આવ્યું હોય તો નાણાં વિભાગના સદર ઠરાવમાં નિયત કર્યા મુજબની ફલેટ રેટ અને તેઓને ફાળવેલ મકાન માટે નકકી કરવામાં આવે તે પોષણક્ષમ ભાડુ એ બન્ને વચ્ચેનો તફાવત સેવા ઉછીની લેનાર તંત્ર ભોગવવાનો રહેશે.

(૧૬) રાજયેતર સેવામાં હોય તે દરમ્યાન અથવા રાજયેતર સેવાના અંતે તેઓએ રાજયેતર સેવા પર લીધેલ રજાની મુદત માટેના કોઈપણ વળતર ભથ્થા અંગેનું સંપૂર્ણ ખર્ચ સેવા ઉછીની લેનાર તંત્રે ભોગવવાનું રહેશે.

(૧૭) સેવા ઉછીની લેનાર તંત્રે રાજય સરકારની પૂર્વ સંમતિ વગર તેઓને ઉપલી જગ્યા (કક્ષા) પગાર–ધોરણ વગેરે પર બઢતી આપશે નહિ અથવા નવું કે વધારેલું ભથ્થું મંજૂર કરશે નહિ.

(૧૮) રાજય સરકાર અધિકારીને છૂટા કરે તે તારીખથી પ્રતિનિયુક્તિ ચાલુ થશે. રાજય સરકાર હેઠળની તેમની જગ્યા પર છૂટા કરવામાં આવે તે તારીખથી અને રાજય સરકાર હેઠળની તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખ સુધી પ્રતિનિયુક્તિની મુદત ગણાશે.

(૧૯) પ્રતિનિયુક્તિની મુદત દરમ્યાન તેમને કોઈપણ પ્રકારની ઈજા થવાથી પરિણામે તેઓનું મૃત્યું થવાને કારણે ગુજરાત રાજય સેવા પેન્શન નિયમો ૨૦૦૨ હેઠળ મળવાપાત્ર કોઈપણ ગ્રેજયુટી અથવા પેન્શનની ચુકવણી માટે ઉછીની સેવા લેનાર તંત્ર જવાબદાર રહેશે.

(૨૦) સેવા ઉછીની લેનાર તંત્ર હેઠળ પ્રતિનિયુક્તિના સમય દરમ્યાન ઉદભવતી કોઈપણ અશકતતાની બાબતમાં રજા મળતર ચુકવવા સેવા ઉછીની લેનાર તંત્ર જવાબદાર રહેશે.

(૨૧) રાજય સરકારના નિયમો પ્રમાણે અથવા તેમના વિકલ્પે સેવા ઉછીની લેનાર તંત્રના નિયમો પ્રમાણે વાહન ભથ્થું અથવા કાર કે અન્ય કોઈ વાહનનું નિભાવ ખર્ચ વિગેરે મેળવવાની તેમને છૂટ રહેશે.

(૨૨) શિસ્તના પગલા અને ખાતાકીય તપાસની બાબતમાં તેઓનું નિયંત્રણ રાજય સરકારે વખતો વખત બહાર પાડેલ હુકમો અનુસાર થશે.

(૨૩) અહી સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી સેવાની અન્ય શરતોને લગતી બાબતમાં ગુજરાત રાજય સેવા નિયમો અને વખતો વખત અમલમાં હોય તેવા રાજય સરકારે બહાર પાડેલા હુકમો અનુસાર તેમનું નિયંત્રણ થશે.

358

(૨૪) પ્રતિનિયુકિતની મુદત દરમ્યાન રાજય સરકારના કર્મચારીઓની તા.૨૩-૧૧-૭૯ અથવા તા.૧૯-૧૧-૮૧ થી દાખલ કરેલ વીમા યોજના લાગુ પડશે અને નાણાં વિભાગના તા.૧૨-૨-૮૨ ના આદેશો મુજબ વીમા યોજનાની ફાળાની રકમની વસુલાત સબંધિત સદરે જમા કરાવવાની રહેશે.

(૨૫) આ સંદર્ભમાં યથાપ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ/નાંણા વિભાગ તરફથી તથા આ બોર્ડનું નિગમમાં રૂપાંતર થતાં તેને અનુલક્ષીને પ્રર્વતમાન મહેકમ સંદર્ભમાં જે સૂચનાઓ /હુકમો થશે તેની શરતોને આધીન નિમણૂંક ગણાશે.

ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

નકલ રવાના પ્રતિ,
-સચિવશ્રી,ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ, ગાંધીનગર
-શ્રી કે.આઈ.પરમાર સચિવશ્રી,ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ બોર્ડ,ગાંધીનગર
-નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
-સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ.૨ સેલ)
-નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-પગાર અને હિસાબી અધિકારીશ્રી-ગાંધીનગર
-તિજોરી અધિકારીશ્રીની કચેરી-ગાંધીનગર
-નિવાસી ઓડિટ અધિકારીશ્રી-ગાંધીનગર
-નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઈલ.
-શાખા ફાઈલ.

૧૦૭૬અ